








# મેઘ મલ્હારની ધૂન, દક્ષિણ ગુજરાતના હૈયે હરખ

## નવસારી જિલ્લામાં મેઘ મહેરથી ખેડૂતો ખુશ

**ભારે** વરસાદની આગાહી વચ્ચે તંત્ર સતર્ક

| છેલ્લા 24 કલાકમાં નોંધાયેલો વરસાદ | |
|---|---|
| નવસારી | 3.25 ઈંચ |
| ખેરગામ | 3.25 ઈંચ |
| વાંસદ | 2.25 ઈંચ |
| જલાલપો | 1.75 ઈંચ |
| ચીખલી | 1.00 ઈંચ |
| ગણદેવી | 0.50 ઈંચ |

નવસારી: નવસારી જિલ્લામાં ચોમાસું હવે વધુ સક્રિય બન્યું છે. છેલ્લા 24 કલાક દરમિયાન જિલ્લાના તમામ તાલુકાઓમાં સારો વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ હવામાન વિભાગે આગામી દિવસોમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરતાં જિલ્લા વહીવટી તંત્ર પણ જરૂરી તૈયારીઓમાં વ્યસ્ત બન્યું છે. નવસારી શહેરમાં ટૂંકા ગાળામાં નોંધપાત્ર વરસાદ પડતાં કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ જોવા મળી હતી. હવામાન વિભાગના તાજેતરના બુલેટિન મુજબ આગામી કેટલાક દિવસો દરમિયાન નવસારી, ડાંગમાં વરસાદનું પ્રમાણ વધવાની સંભાવના છે. કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પણ પડી શકે છે.

## ડાંગમાં બીજા દિવસે મેઘરાજાની ધબધબાટી, પાણીની રેલમછેલ

સાપુતારા: ડાંગ જિલ્લામાં બે દિવસથી ચોમાસાનો માહોલ બરાબરનો જામ્યો છે. બુધવારે બપોરના અરસામાં ગિરિમથક સાપુતારા, વઘઇ, આહવા, સુબિર સહિત પૂર્વપટ્ટી અને સરહદીય વિસ્તારોમાં વરસાદ તૂટી પડ્યો હતો. લાંબા સમયના વિરામ બાદ મેઘાની આ પ્રચંડ પધરામણીને પગલે સર્વત્ર જળબંબોળની સ્થિતિ સર્જાઈ હતી અને માર્ગો પર જાણે નદીઓ વહેતી હોય તેમ પાણી ફરી વળ્યા હતા. ડાંગ જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ જામતા સ્થાનિક ખેડૂતોમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે. આ પંથકમાં મુખ્ય ગણાતા ડાંગર સહિતના અન્ય ચોમાસુ પાકોને આ વરસાદના કારણે નવું જીવતદાન મળ્યું છે, જેનાથી જગતનો તાત ખુશખુશાલ જોવા મળી રહ્યો છે. વરસાદને પગલે ડુંગરાળ વિસ્તારોના કોતરો અને ખેતરોના ક્યારાઓ ડોહળા પાણીની સાથે છલકાઈ ઊઠ્યા હતા. ડાંગ જિલ્લા ડિઝાસ્ટર વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા 24 કલાક દરમિયાન સૌથી વધુ વરસાદ પ્રખ્યાત ગિરિમથક સાપુતારા પંથકમાં 49 મિમી એટલે કે અંદાજે 1.96 ઈંચ જેટલો ખાબક્યો હતો. આ ઉપરાંત, સુબિર પંથકમાં 36 મિમી (1.44 ઈંચ) અને વઘઇ પંથકમાં પણ 36 મિમી (1.44 ઈંચ) વરસાદ નોંધાયો છે. જ્યારે જિલ્લા મથક આહવા અને તેની આસપાસના પંથકમાં 15 મિમી જેટલો વરસાદ નોંધાયો હતો.

### હાશ આખરે આવી ગયો મેઘો, ચાલો લાગી જાવ કામે



■ લાંબા વિલંબ બાદ હાલે વરસી રહેલા વરસાદને લઈ ધરમપુર અને કપરાડા તાલુકાના ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છવાયો છે અને પૂજા અર્ચના બાદ ડાંગરની વાવણી સહિતની ચોમાસા સ્લંગન કામગીરી શરૂ કરી છે. જેમાં હવે મહિલાઓ પણ આગળ વધી ખેતીમાં પરિવારને મદદરૂપ થઈ રહી છે.

## વલસાડ જિલ્લામાં ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત

**અંડરપાસ** અને ગરનાળામાં પાણી ભરાયા, શાકભાજી માર્કેટની દુકાનોમાં પાણી ઘૂસી ગયા

| છેલ્લા 24 કલાકનો વરસાદ | |
|---|---|
| તાલુકો | વરસાદ (મીમી) |
| વાપી | 184 |
| ઉમરગામ | 113 |
| વલસાડ | 50 |
| પારડી | 48 |
| કપરાડા | 06 |
| નાનાપોંઢા | 05 |
| ધરમપુર | 00 |

વલસાડ: વલસાડ જિલ્લામાં બુધવારે દિવસભર વરસેલા વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. ખાસ કરીને ઔદ્યોગિક નગરી વાપીમાં ભારે વરસાદને પગલે શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાતા વાહનચાલકો અને સ્થાનિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

વલસાડ શહેરના છીપવાડ અને મોગરાવાડી વિસ્તારોના ગરનાળાઓમાં પણ પાણીનો પ્રવાહ વધતા પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે આસપાસના વિસ્તારોમાં રહેવાસીઓમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

વલસાડ શહેરના મુખ્ય શાકભાજી માર્કેટમાં પણ વરસાદી પાણી ઘૂસી જતાં અનેક દુકાનોમાં પાણી ભરાઈ ગયા હતા. વેપારીઓને માલસામાન બચાવવા માટે દોડધામ કરવી પડી હતી. કેટલાક વેપારીઓએ પાણીના કારણે નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરી હતી. માર્કેટમાં પાણી ભરાતા ખરીદી કરવા આવેલા લોકોને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન વાપીમાં સૌથી વધુ 184 મીમી અને ઉમરગામમાં 113 મીમી વરસાદ નોંધાતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. વરસાદી માહોલ યથાવત રહેતા તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારો પર નજર રાખવામાં આવી રહી છે.

## વાપીમાં મેઘરાજાની ઝંઝાવતી બે કલાકમાં 4 ઇંચ વરસાદ

**વાપી** ટાઉન, ગીતાનગર રોડ, વાપી જે ટાઈપ વિસ્તારોમાં પાણી ભરાયા

**અંડરપાસમાં** પાણી ભરાવાને કારણે ટ્રાફિક વ્યવહાર ખોરવાયો



વાપી: વાપીમાં બુધવારે સવારે બે કલાકમાં ચાર ઈંચ જેવો વરસાદ ખાબકતા ઠેર ઠેર પાણી ભરાયા હતા. વાપીમાં બુધવારે સવારે ૬થી ૮ બે કલાકમાં ૧૦૫ મીમી વરસાદ એટલે કે ચાર ઈંચ વરસાદ ખાબકતા ઠેર ઠેર પાણી ભરાયા હતાં. આ ઉપરાંત સવારે ૮ થી ૧૦ બે કલાકમાં ૧૬ મીમી અડધો ઈંચ જેવો વરસાદ તથા ત્યાર બાદ પણ વરસાદ ચાલુ રહેતા બપોરે ચાર વાગ્યા સુધીમાં ૧૩૩ મીમી એટલે કે પાંચ ઈંચ જેવો વરસાદ પડ્યો હતો.

ગત મધ્યરાત્રિથી વલસાડ જિલ્લા સહિત વાપી વિસ્તારમાં વરસાદી માહોલ ફરી જામ્યો હતો. દિવસ દરમિયાન જોરદાર વરસાદ પડવાને લઈ વાપીવાસીઓની તથા વાહનચાલકોની હાલત દયનીય બની હતી. વાપી ટાઉન, ગીતાનગર રોડ, વાપી જે ટાઈપ વિસ્તારોમાં પાણી ભરાયા હતા. આ ઉપરાંત મોટા ગરનાળા અને નાના ગરનાળામાં પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. પાણી ભરાવાને કારણે વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો અને મનપા ફાયર સાથેની ટીમ આવી પહોંચી હતી અને પાણીના નિકાલ માટેની કામગીરી હાથ ધરી હતી. બપોરના સમયે વરસાદ ધીમો થયો હતો અને બીજી તરફ અંડરપાસમાં ભરાયેલા પાણીનો પણ નિકાલ થયા બાદ વાહનવ્યવહાર શરૂ કરવામાં આવ્યો હતો.

અંડરપાસમાં પાણી ભરાવાને કારણે ટ્રાફિક વ્યવહાર ખોરવાયો હતો. વાપીના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતાં.

### જો દરેક અંડરપાસમાં પાણી ભરાયા તો! એકમાત્ર સહારો બલીઠા બ્રિજ

જો દરેક અંડરપાસમાં પાણી ભરાયા તો વાપીવાસીઓ અને વાહનચાલકો માટે એકમાત્ર સહારો બલીઠા ઓવરબ્રિજનો રહેશે તે નક્કી છે. કારણ કે, વાપીવાસીઓ માટે પૂર્વ અને પશ્ચિમ તરફ અવરજવર કરવા માટે વાપી જે ટાઈપ પાસે બનેલું જૂનું મોટું ગરનાળુ ઉપરાંત ટાંકી ફળિયા પાસે નાનું ગરનાળું અને તાજેતરમાં જ બનાવેલા બલીઠા અંડરપાસ ઉપલબ્ધ છે. જ્યારે રાહદારીઓ માટે વાપીમાં પેડેસ્ટ્રીયન સબવે ઉપલબ્ધ છે. નોંધનીય છે કે, દર ચોમાસામાં મોટા અને નાના ગરનાળા તથા પેડેસ્ટ્રીયન સબવેમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાતી રહે છે. જ્યારે હાલમાં નવો બનાવેલો બલીઠા અંડરપાસમાં પણ પાણી ભરાવાની ભીતિ દરેક વાહનચાલકો અને વાપીવાસીઓ કરી રહ્યા છે. જો દરેક અંડરપાસમાં પાણી ભરાયા તો વાપીવાસીઓ અને વાહનચાલકો માટે એકમાત્ર સહારો બલીઠા ઓવરબ્રિજનો રહેશે. કારણ કે, ચાલુ વર્ષમાં જ રેલવે વિભાગ દ્વારા વાપી બસ ડેપો સામેનો ફાટક કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવ્યો છે. દરેક અંડરપાસમાં પાણી ભરાશે એટલે ટ્રાફિક વ્યવહાર ખોરવાશે તે નક્કી છે અને વાહનચાલકોએ નાછૂટેક ગંતવ્ય સ્થળે પહોંચવા માટે બલીઠા ઓવરબ્રીજનો ઉપયોગ કરવો પડશે. તો બીજી તરફ પોલીસ માટે ટ્રાફિક નિયંત્રણ કરવા માટેનો પણ પડકાર ફેંકશે.



## છીપવાડ અંડરપાસ પાણીમાં ગરકાવ થતાં ટ્રાફિક જામ

**નોકરિયાત** વર્ગ તેમજ શાળાએ જતા માસૂમ બાળકો કલાકો સુધી રસ્તામાં અટવાયાં

વલસાડ: .વલસાડ મોગરાવાડીનું ગરનાળું અને વલસાડ છીપવાડ અંડરપાસ પાણીમાં ગરકાવ થયા હતા. વલસાડ શહેરને આસપાસના 40 જેટલા ગામો સાથે જોડતો મુખ્ય અને અત્યંત મહત્ત્વનો છીપવાડ અંડરપાસ પાણીમાં સંપૂર્ણપણે ગરકાવ થઈ ગયો છે. અંડરપાસમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જવાને કારણે ત્યાંથી પસાર થતાં અનેક વાહનો અધવચ્ચે બંધ પડી ગયા હતા.

ઓફિસે જતા નોકરિયાત વર્ગ તેમજ શાળાએ જતા માસૂમ બાળકો કલાકો સુધી રસ્તામાં અટવાઈ પડ્યા હતાં. આ મુખ્ય માર્ગ બ્લોક થઈ જતાં રોડ પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને કલાકો સુધી ભારે ટ્રાફિક જામ દ્રશ્યો જોવા મળ્યા હતાં. ટ્રાફિક જામ અને પાણી ભરાવાની સ્થિતિને પગલે વલસાડ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે ભારે જહેમત ઉઠાવીને અંડરપાસના પાણીમાં ફસાયેલા વાહનોને સુરક્ષિત બહાર કાઢવામાં વાહનચાલકોની મદદ કરી હતી. તિથલ રોડ સરકારી વસાહત લાયબ્રેરી પાસે રસ્તા ઉપર પાણી ભરાઈ જતાં સ્કૂલે આવતા વિદ્યાર્થીઓએ પાણીમાંથી પસાર થવા પડ્યું હતું. જ્યારે વલસાડના એમ.જી. રોડ છીપવાડ દાણા બજાર મોગરાવાડી નાયરા પેટ્રોલ પંપ પાસે વગેરે વિસ્તારોમાં પાણી ભરાયા હતાં.

## ઉમરગામમાં 10 કલાકમાં 4 ઇંચ વરસાદ

**પાણી** ભરાતા ટીંભી વારોલી રિવરથી મહાદેવ મંદિર તરફ જતો રોડ બંધ કરાયો, ગોવાડાના પુલ પર પાણી ફરી વળ્યા




ઉમરગામ: જેની આતુરતાથી રાહ જોવાતી હતી તે ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ ગયો છે. ઉમરગામમા 10 કલાકમાં 4 ઈંચ વરસાદ ખાબક્યો હતો. વરસાદના પગલે ખેડૂતોમાં પણ આનંદની લાગણી છવાઈ ગઈ હતી વાતાવરણમાં અચાનક પલટા સાથે ઉમરગામ તાલુકામાં બુધવારે સવારથી જ જોરદાર વરસાદ વરસ્યો હતો અને સવારે છ વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધીમાં 10 કલાકમાં 92 મીમી (4 ઈંચ) વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે નિચાનવાળા વિસ્તારોમાં રોડ ઉપર ઘણી જગ્યાએ વરસાદી પાણીનો ભરાવ જોવા મળ્યો હતો. ગોવાડા ગામ ગોવાડા કંકરારી રોડ ગોદર ફળિયાનો નિચાનવાળો પુલ પર પાણી ફરી વળ્યા હતા. જેના લીધે સુરક્ષા કારણોસર બંધ કરતાં લોકોએ ભારે હાલાકી વેઠવી પડી હતી. ટીંભી વારોલી રિવરથી મહાદેવ મંદિર તરફ જતો રોડ પર પણ પાણી ભરાતા સુરક્ષા કારણોસર બંધ કરવો પડ્યો હતો. ફલડ કંટ્રોલ રૂમના જણાવ્યા પ્રમાણે ઉમરગામ તાલુકામાં મૌસમનો કુલ વરસાદ 308 મી.મી (12 ઈંચ) નોંધાયો છે.




## સંભવિત પૂર સંકટ ટાળવા દેવધા ડેમના તમામ 40 દરવાજા ખોલી દેવાયા

બીલીમોરા: ગણદેવી તાલુકામાં બુધવાર સાંજે ૪ કલાકે વીતેલા ૨૪ કલાકમાં ૧૧મીમી સાથે મોસમનો ૫૫ મીમી (૨.૨) ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યાં બીજી તરફ ગણદેવી ડ્રેનેજ વિભાગે બુધવાર સવારે અંબિકા નદી ઉપર દેવધા ડેમનાં તમામ ૪૦ દરવાજા ખોલી દીધા હતા. પ્રતિ વર્ષ વરસાદી પૂર સંકટ ટાળવા આગોતરા પગલાં લેવાતા હોય છે. દેવધા ડેમના ઉપરવાસ કેચમેન્ટ વિસ્તારમાં ૨૨ કીમી જેટલા વિસ્તારમાં ૬.૪૫ મિલીયન ક્યુબીક મીટર જેટલો વિશાળ શુદ્ધ જળભંડાર સંગ્રહિત થાય છે. જે ગણદેવી અને બીલીમોરા શહેર તેમજ ૨૯ જેટલા ગામોની પાણી જરૂરિયાત પૂરી કરે છે. નદીના કેચમેન્ટ વિસ્તારમાં રાત મધરાતે વરસાદ વરસે અને નદી ગાંડીતુર બને તેવી સ્થિતિમાં પૂર પ્રકોપ ટાળવા પ્રતિવર્ષ ચોમાસાના આગોતરા આયોજન મુજબ ડેમના દરવાજા જૂન મહિનામાં ખોલવામાં આવતા હોય છે. તમામ દરવાજા ખોલી દેવાયા બાદ પણ ડેમમાં ૧.૭૫ એમસીએમ જેટલો શુદ્ધ પાણીનો જથ્થો સંગ્રહિત રહે છે. ડેમના દરવાજા ખોલાતા માછીમારોને તડાકો પડ્યો હતો.

## દમણમાં પણ મેઘરાજા ધમાકેદાર: 6.62 ઇંચ વરસ્યા

**કચીગામ** સોમનાથ રોડ પર વિદ્યુત ભવન તરફના મુખ્ય માર્ગ પર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ

દમણ: સંઘપ્રદેશ દમણમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ થતાં અનેક વિસ્તારના રસ્તાઓ પર પાણી ફરી વળતા સામાન્ય જનજીવન થોડા સમય માટે ખોરવાઈ જવા પામ્યું હતું.

દમણમાં મંગળવારની મોડી રાતથી શરૂ થયેલી મેઘમહેર વહેલી સવાર સુધી યથાવત રહેતા શહેરમાં ચોમાસાનો માહોલ જામતો જોવા મળ્યો હતો. નાની દમણના માછીવાડ, માછી મહાજન સ્કૂલ રોડ, ઘાંચીવાડ સહિત દરિયા કિનારે આવેલી વિવિધ શેરીઓમાં વરસાદી પાણી ફરી વળતા આ વિસ્તારના લોકોએ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. નગરપાલિકાની ટીમે સ્થળ પર પહોંચી પરિસ્થિતિનો તાગ મેળવી પાણીના નિકાલની વ્યવસ્થા ઊભી કરી હતી. જ્યારે દુબઈ માર્કેટની બાવેલ મહારાજા શોપિંગ કોમ્પલેક્સના ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનોના પેસેજમાં પણ વરસાદી પાણી ઘૂસી જતાં કેટલીક દુકાનોના વેપારી ભાઈઓએ માલસામાનને સુરક્ષિત સ્થળે ખસેડવાની ફરજ પડી હતી. દમણમાં હજી કેટલાક રસ્તાઓના નિર્માણ કાર્ય અધૂરા છે તેવા રસ્તાઓ પર પણ પાણીથી ભરાયેલા ખાબોચિયા અને રસ્તાની બાજુમાં મોટા પાણીથી ભરેલા ખાડાને લઈ મોટા અકસ્માતની ભીંતી સેવાઈ રહી છે. બીજી તરફ કચીગામ સોમનાથ રોડ પર વિદ્યુત ભવન તરફના મુખ્ય માર્ગ પર પણ વરસાદી પાણીનો ઘેરાવો થતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. જેના કારણે નોકરી ધંધાર્થે જનારા રાહદારીઓ અને વાહનચાલકોએ વહેલી સવારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગના આંકડા મુજબ દમણમાં 24 કલાક દરમ્યાન કુલ 6.62 ઈંચ જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે. ત્યારે ખેડૂતો વાવણીના કાર્યમાં જોતરાઈ જવા પામ્યા હતા.

### સેલવાસમાં ફ્લડ કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો

વાપી: બુધવારે સવારે 8 વાગ્યાથી સાંજના 5 વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન સેલવાસમાં 20.2 મીમી જેટલો વરસાદ નોંધાયો છે. વરસાદના પગલે મધુબન ડેમમાં પાણીની આવક વધી છે, જ્યાં હાલ 2663 ક્યુસેક પાણીની આવક સામે માત્ર 150 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમની વર્તમાન જળસપાટી 68.45 મીટર પર પહોંચી છે. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને દાદરા અને નગર હવેલી જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા લોકોની સુરક્ષા માટે ખાસ એડવાઇઝરી જાહેર કરવામાં આવી છે. સેલવાસ સચિવાલય ખાતે ચોવીસ કલાક (24x7) ફલડ કંટ્રોલ રૂમ કાર્યરત કરી દેવાયો છે,


**નામ બદલેલ છે.**

મારું જુનું નામ
સંતોષી દિલીપભાઈ દેસાઈ
હતુ. જે બદલીને નવું નામ
સંતોષી દિલીપ દેસાઈ
રાખ્યું છે. જેની સર્વે નોંધ લેવી.

**લિ. સંતોષી દિલીપ દેસાઈ**
**સરનામુ- ગુલશન, તિથલ રોડ, વલસાડ, ગુજરાત, ભારત.**
**પીન કોડ. 396001.**

**નામ બદલેલ છે.**

મારું જુનું નામ
દિલીપભાઈ ધીરુભાઈ દેસાઈ
હતુ. જે બદલીને નવું નામ
દિલીપ ધીરુભાઈ દેસાઈ
રાખ્યું છે. જેની સર્વે નોંધ લેવી.

**લિ. દિલીપ ધીરુભાઈ દેસાઈ**
**સરનામુ- ગુલશન, તિથલ રોડ, વલસાડ, ગુજરાત, ભારત.**
**પીન કોડ. 396001.**